વધ-ઘટ બદલી કેમ્પ-૨૦૨૪

નં.જિ.પં/શિક્ષણ/વધ-ઘટ કેમ્પ-૨૪/અ-૮/વશી/૧૪૪૧/૨૦૨૪
જિલ્લા શિક્ષણ સમિતિ, જિલ્લા પંચાયત પાટણ
તારીખ: ૧૬/૦૮/૨૦૨૪

પ્રતિ,
મુખ્ય શિક્ષકશ્રી ,
.................... પગાર કેન્દ્ર પ્રા. શાળા
તાલુકો:.......... જિ.પાટણ
મારફત:- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,તા.પંચાયત કચેરી .............

**વિષય:- તા.૩૧.૦૭.૨૦૨૪ ની સ્થિતિએ મંજૂર થયેલ શિક્ષક મહેકમ અનુસાર બદલી કેમ્પોનું આયોજન કરવા બાબત**

સંદર્ભ- (૧) શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક, (ભાગ-૧) તા.૧૧.૦૫.૨૦23
(૨) શિક્ષણ વિભાગ,ગાંધીનગરના ઠરાવ ક્રમાંક-પીઆરઇ/૧૧૨૦૧૨/૬૨૧૦૬૫/ક, (ભાગ-૧) તા.૦૨.૦૬.૨૦23 તથા તા.૦૫.૦૭.૨૦23 ના સુધારા ઠરાવો.
(૩) નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક- પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૩૦૧-૧૩૫૨ તા.૧૬.૦૮.૨૦૨૪

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગ, ગાંધીનગરના સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવોથી વિધાસહાયક /પ્રાથમિક શિક્ષક/ ઉચ્ચ પ્રાથમિક શિક્ષકના બદલીના નિયમો નકકી થયેલ છે. સંયુકત શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરના સંદર્ભ-3 ના પત્રથી તા.૨૦.૦૮.૨૦૨૪ થી તા.૨૨.૦૮.૨૦૨૪ સુધી વધ-ઘટ બદલી કેમ્પનું આયોજન કરવા જણાવેલ છે. જે અન્વયે અત્રેના જિલ્લામાં વધ –ઘટ બદલી કેમ્પ યોજાવાના થાય છે. જેથી સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવ મુજબની જોગવાઇઓ અનુસાર **<u>તા.૩૧.૦૭.૨૦૨૪</u>** ની સ્થિતિએ મંજુર થયેલ શિક્ષક મહેકમ અનુસાર અત્રેના જિલ્લામાં નીચેની વિગતે કેમ્પનું આયોજન કરેલ હોઇ સબંધિત શિક્ષકશ્રીઓએ નીચેના સ્થળે અને સમયે બિનચૂક હાજર રહેવા જણાવવામાં આવે છે.

**(૧) વધ-ઘટ બદલી કેમ્પ**

**નિમ્ન પ્રાથમિક વિભાગ(ધોરણ-૧ થી ૫)ની વધ/વધ પરત/મૂળ શાળા /મૂળ તાલુકામાં ભાગ લેનાર માટેનો બદલી કેમ્પ**

| અ.ન | કેમ્પની તારીખ | સમય | સ્થળ | સમાવિષ્ટ તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ૨૨.૦૮.૨૦૨૪ ગુરૂવાર | ૯-૦૦ થી ૧૩.૦૦ કલાક સુધી | વનરાજ કુમાર પ્રાથમિક શાળા તા.જિ.પાટણ | **પાટણ /સરસ્વતી/ સિધ્ધપુર ચાણસ્મા /હારીજ/ સમી/ શંખેશ્વર /સાંતલપુર/ રાધનપુર તમામ કેમ્પ પૂર્ણ થયેથી જરૂર જણાયે જનરલ કેમ્પ યોજવામાં આવશે.** |

**ઉચ્ચ પ્રાથમિક વિભાગ (ધો-૬ થી ૮) ની વધ/વધ પરત/મૂળ શાળા /મૂળ તાલુકામાં ભાગ લેનાર માટેનો બદલી કેમ્પ**

| અ.ન | કેમ્પની તારીખ | સમય | સ્થળ | સમાવિષ્ટ તાલુકો |
|---|---|---|---|---|
| ૧ | ૨૨.૦૮.૨૦૨૪ ગુરૂવાર | ૧૪-૦૦ કલાકથી કેમ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી | વનરાજ કુમાર પ્રાથમિક શાળા તા.જિ.પાટણ | **પાટણ /સરસ્વતી/ સિધ્ધપુર ચાણસ્મા /હારીજ/ સમી/ શંખેશ્વર /સાંતલપુર/ રાધનપુર તમામ કેમ્પ પૂર્ણ થયેથી જરૂર જણાયે જનરલ કેમ્પ યોજવામાં આવશે.** |

(૧) વધ બદલી કેમ્પમાં હાજર રહેનાર પ્રા.શિક્ષક/ વિધાસહાયકોએ સામેલ અરજી ફોર્મમાં મુખ્ય શિક્ષક/ પગાર કેન્દ્ર શાળાના મુખ્ય શિક્ષક/ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના સહી સિક્કા સાથે કેમ્પમાં હાજર રહેવાનું રહેશે.

(૨) વધ થતાં વિધાસહાયક /શિક્ષકએ કેમ્પમાં ફરજીયાત સ્થળ પસંદ કરવાનું રહેશે. જો સ્થળ પસંદ ન કરે અથવા ગેરહાજર રહે તેવા કિસ્સામાં વિધાસહાયક/શિક્ષકને તેના વિભાગ/ વિષયની ખાલી જગ્યા પર તા.૧૧.૦૫.૨૦૨૩ ના ઠરાવ પ્રકરણ-એચ માં નકકી કરવામાં આવેલ સમિતિ નકકી કરે તે શાળામાં હુકમ કરવામાં આવશે.

(૩) મુખ્યશિક્ષકશ્રીએ આ પત્ર દરેક શિક્ષકને વંચાવી શિક્ષકશ્રીની સહી મેળવી લેવાની રહેશે તથા તે શાળા ફાઈલે રાખવી.પાછળથી આ બાબતે પ્રશ્ન ઉપસ્થિત થશે તો સંબધિત મુખ્યશિક્ષકશ્રીની જવાબદારી રહેશે.

(૪) વધ થતા શિક્ષકે પોતાની અરજી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીને તા.૨૦.૦૮.૨૦૨૪ ના રોજ બપોરના ૧૬:૦૦ કલાક સુધીમાં મોકલી આપવી.તેમજ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આવા વધ થતા શિક્ષકને કેમ્પમાં હાજર રહેવાનો પત્ર આપવાનો રહેશે.અને વધ થતા શિક્ષકોની વિભાગ/વિષયવાર અલગ-અલગ સિનીયોરીટી યાદી સેવાપોથી પરથી ખરાઈ કરી બનાવી કેમ્પમાં સિનીયોરીટી લીસ્ટ, જુલાઇ-૨૦૨૪ ના માસિકપત્રક તથા વધમાં બદલીની અરજીઓ સહ હાજર રહેવાનું રહેશે.

(૫) વિધાસહાયક /શિક્ષકને શિક્ષણ વિભાગના તા.૧૧.૦૫.૨૦૨૩ તથા ત્યાર બાદના સુધારા ઠરાવની જોગવાઇ લાગુ પડશે. અને તે મુજબ કેમ્પમાં ભાગ લેવા ઇચ્છતા શિક્ષકો ભાગ લઇ શકશે.

(૬) કોઇપણ જગ્યા નામ.હાઇકોર્ટ દ્વારા વચગાળાના હુકમથી જે તે જગ્યા ખાલી રાખવા માટે હુકમ કરેલ હોય અને કેસનો આખરી ચુકાદો આવવાનો બાકી હોય તેવા કિસ્સામાં નામ.હાઇકોર્ટના આદેશની વિગતો સબંધિત શિક્ષકે કેમ્પના આગળના દિવસ સુધીમાં અત્રે રજુ કરવાની રહેશે. અન્યથા નામ.હાઇકોર્ટની અવમાનનાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો સબંધિત પ્રાથમિક શિક્ષકની જવાબદારી રહેશે. જેની નોધ લેશો.

(૯) શિક્ષણ વિભાગના સંદર્ભ ઠરાવના પ્રકરણ -G સામાન્ય સૂચનાઓના ક્રમ-૧૩ ની જોગવાઇ મુજબ કોઇ પણ પ્રકારની માંગણીની બદલીમાં ભાગ લેનાર પ્રાથમિક શિક્ષક/ વિધાસહાયક પુખ્ત ઉંમર અને પુરતી સમજણ ધરાવતા હોય તથા અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના હોઇ એકવાર ઓનલાઇન/ઓફલાઇન માંગણીની પસંદ કરેલ શાળાનો હુકમ કોઇ પણ સંજોગોમાં રદ થઇ શકશે નહિ.

(૧૦) તા.૧૧.૦૫.૨૦૨૩ ના ઠરાવના પ્રકરણ- H સૂચનાનુસાર મૂળ શાળા પરત/મૂળ તાલુકા પરત/વિભાગ વિષય પરત આવવા માગતા શિક્ષકોને સબંધિત વિભાગ વિષયના કેમ્પમાં હાજર રહેવાનું રહેશે. અન્યથા જો તમારી શાળા /તાલુકા વિભાગ વિષયમાં જગ્યા ખાલી રહેશે તો તમો આ લાભ લેવા માગતા નથી. તેમ માની સદરહું પ્રકરણના નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

(ડાં.એન.બી.ચાવડા)
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત,પાટણ

સામેલ:- ૧: વધમાં માંગણીથી બદલીની અરજી
૨: જરૂરી પ્રમાણપત્રો

<u>નકલ રવાના:-</u>

૧: નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી, પાટણ તરફ જાણ વ શિક્ષણ વિભાગના તા.૧૧.૦૫.૨૦૨૩ ના ઠરાવ મુજબ વધ-ઘટ બદલી કેમ્પમાં આપ સમિતિના સભ્ય હોઇ ઉકત જણાવેલ કેમ્પમાં ઉપસ્થિત રહેવાનું રાખશો.

૨ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી,તા.પં.....................(તમામ) તરફ જાણ વ સંબધકર્તાને જાણ કરવા તથા કેમ્પમાં માહે:- જુલાઇ-૨૦૨૪ નાં માસિક પત્રકો સાથે બિનચૂક હાજર રહેવા સારું.

૩: પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ તરફ જાણ વ ઉપસ્થિત રહેવા સારૂ.

૪: પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, પાટણ જિલ્લા શૈક્ષિક મહાસંઘ તરફ જાણ વ ઉપસ્થિત રહેવા સારૂ.

૫. પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી, પાટણ જિલ્લા પ્રાથમિક શિક્ષક ઉત્કર્ષ મંડળ, પાટણ તરફ જાણ વ ઉપસ્થિત રહેવા સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

૧: ચેરમેનશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ,જિલ્લા પંચાયત પાટણ તરફ જાણ વ ઉપસ્થિત રહેવા વિનંતી છે.

૨: જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત પાટણ તરફ જાણ થવા વિનંતી છે.

૩: નિયામકશ્રી ,પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી,૧૨/૨ ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર તરફ જાણ સારું .

નકલ જયભારત સહ રવાના-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી પાટણ તરફ જાણ વ શિક્ષણ વિભાગના તા.૧૧.૦૫.૨૦૨૩ ના ઠરાવ મુજબ વધ-ઘટ બદલી કેમ્પમાં આપ સમિતિના સભ્ય હોઇ ઉકત જણાવેલ કેમ્પમાં ઉપસ્થિત રહેવા વિનંતી છે.

# વધ-મૂળ શાળા/મૂળ તાલુકા/વિભાગ-વિષય વધ પરતની માંગણીથી બદલીની અરજી

## (તા.૨૦/૦૮/૨૦૨૪ ની સ્થિતિએ વિગત ભરવી)

## વિભાગ:- નિમ્ન/ઉચ્ચ ................

## વિષય:-..........................

૧: શિક્ષકનુંનામ:- ..........................................................................................................................................

૨: હાલની શાળાનું નામ (તાલુકા સાથે).........................................પગારકેન્દ્રનુંનામ:-......................................

૩:જન્મતારીખ:.............................. **ઉંમર**:-વર્ષ..............માસ................દિવસ.............................

૪:ખાતામાં દાખલ તારીખ:.................................શબ્દોમાં.........................................................................

૫: કુલ નોકરી વર્ષ:...............માસ: ..............દિવસ:...................શબ્દોમાં: ......................................................

૬: હાલની શાળામાં હાજર થવા માટે કરાયેલ હુકમની તારીખ- ............................................... (હુકમ સામેલ રાખવો)
હાલની શાળામાં દાખલ તારીખ : ...................................શબ્દોમાં.....................................................................

૭: હાલની શાળામાં કુલ નોકરી વર્ષ:.................માસ................દિવસ........................શબ્દોમાં.................................

૮:જિલ્લા ફેરથી પાટણ જિલ્લામાં આવ્યા હોય તો ક્યારે ? ................................................................ (હુકમ સામેલ રાખવો)

૯: હાલની શાળામાં કયા કારણસર આવ્યા?..........................................................................................................

અ: માંગણીથી    ક: જિલ્લા ફેરથી    ઈ. વિકલ્પથી

બ: વધ-ઘટનીબદલીથી    ડ:ખાસ કિસ્સાની બદલીથી

૧૦. તારીખ ૩૧/૦૭/૨૦૨૪ની સ્થિતિએ શાળાના મંજુર મહેકમ અને હાલ કામ કરતાં શિક્ષકોની વિગત

| અ.ન. | વિભાગ | મંજુર મહેકમ | કામ કરતાં શિક્ષકો | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | ધો.૧ થીપ | | | |
| ૨ | ધો. ૬ થી ૮ ભાષા | | | |
| | ધો. ૬ થી ૮ ગણિત-વિજ્ઞાન | | | |
| | ધો. ૬ થી ૮ સામાજિકવિજ્ઞાન | | | |
| ૩ | ધો. ૧ થી ૮ નું કુલ | | | |

૧૧: હાલની શાળામાં વધમાં બદલી થયેલ મૂળ શાળા/મૂળ તાલુકો/ વધ પરત(વિભાગ-વિષય)હોય તો મુળ શાળા................................ તાલુકો:...................... માંથી બદલી થયેલ.................................... પ્રા.શાળા તા...................માં હાલ......................... તારીખથી ફરજ બજાવું છું. (વધમાં બદલીનો હુકમ સામેલ રાખવો)

(શિક્ષકનીસહી)

ઉપરની વિગતોની મેં જાતે ખરાઇ કરેલ છે. જે બરાબર માલુમ પડેલ છે.

| | | |
|---|---|---|
| મુખ્ય શિક્ષક | મુખ્ય શિક્ષક | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી |
| ........................પ્રા.શાળા | ........................પે.કે.શાળા | તાલુકા પંચાયત ................. |

## મુખ્ય શિક્ષકશ્રીએ શાળાના ઉપશિક્ષકના કિસ્સામાં આપવાનું થતું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, તા:૩૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ શાળાનું મંજુર મહેકમ:............... છે અને હાલમાં કામ કરતાં શિક્ષકો .................... છે. જેથી ............... વધ થાય છે.તે પૈકી હાલ કામ કરતાં અને વધમાં આવતા શ્રી/શ્રીમતી.............................................................................. ની નિમ્ન પ્રાથમિક વિભાગ (ધોરણ ૧ થી ૫ ના શિક્ષક)/ઉચ્ચ પ્રાથમિક વિભાગ(ધો. ૬ થી ૮ માં ..............................વિષય) માટે અરજીમાં ભરવામાં આવેલ માહિતી મેં જાતે શાળાના રેકર્ડ સાથે ખરાઈ કરી છે.અને તેઓ આ શાળામાં વધ થાય છે.જેની ખાતરી કરતાં બરાબર છે.

| | | | |
|---|---|---|---|
| તારીખ- | મુખ્ય શિક્ષક | મુખ્ય શિક્ષક | તા. પ્રા. શિક્ષણાધિકારી |
| સ્થળ- | ................પ્રા.શાળા | .......................પે.કે.શાળા | તા.પં. ................. |

## મુળશાળા/મૂળ તાલુકા/વિભાગ- વિષયમાં પરત આવવા માટે

## મુખ્ય શિક્ષકશ્રીએ શાળાના ઉપશિક્ષકના કિસ્સામાં આપવાનું થતું પ્રમાણપત્ર

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, મારી શાળાના ઉ.શિ. શ્રી/શ્રીમતી............................................. ની ...............................પ્રા.શાળા તા.........................માંથી વધમાં બદલી થતા તેઓ અત્રેની/ અમારી .................................પ્રા.શાળા તા............................ માં તારીખ ...................................નાં રોજ હાજર થયેલ છે.જેની શાળાના રેકર્ડ ઉપરથી ખાતરી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| તારીખ- | મુખ્ય શિક્ષક | મુખ્ય શિક્ષક | તા. પ્રા. શિક્ષણાધિકારી |
| સ્થળ- | ................પ્રા.શાળા | .......................પે.કે.શાળા | તા.પં. ................. |

## અધિકારીની રૂબરૂમાં ભરવું

આજ રોજ રાખવામાં આવેલ વધ-ઘટ બદલી કેમ્પમાં મને મારા સિનીયોરીટી ક્રમ પ્રમાણે ....................વિભાગના .....................વિષયની ઉપલબ્ધ જગ્યા પર .......................... પ્રા.શાળા, તાલુકો:........................ મળે છે.જે હું સ્વીકારૂ છું. બદલીથી નિમણુંક હુકમ મળેથી તાત્કાલિક બદલીવાળી શાળામાં હાજર થઈશ તેની બાહેધરી આપું છું.

(શિક્ષકનીસહી)

**રૂબરૂ**

**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી**
**જિલ્લા પંચાયતપાટણ**

સ્થળ:-

તારીખ:-૨૨/૦૮/૨૦૨૪